 ગાંધીનગર સમાચાર

# આજે દેશભરમાં દિવાળીની ભવ્ય ઉજવણી

નવી દિલ્હી,તા. ૨૨
દેશભરમાં આવતીકાલે દિવાળી પર્વની પરંપરાગતરીતે ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. દેશના કરોડો લોકો આ તહેવારને ઉજવવા માટે તૈયાર થયેલા છે. દિવાળી પર્વની ઉજવણી ફટાકડાઓ ફોડી, મિઠાઈઓ વહેંચી અને રંગબેરંગી લાઇટિંગ સાથે કરવામાં આવે છે. ઉજાસના પર્વ તરીકે આને ગણવામાં આવે છે. દિવાળી પર્વની ઉજવણી પાછળ પ્રચીન ઇતિહાસ પણ જોડાયેલો છે. દિવાળી પર્વને લઇને દેશભરના લોકો પહેલાથી જ ઉત્સાહિત રહે છે. દિવાળી પર્વની શરૂઆત ધનતેરસના દિવસથી થયા બાદ લાભ પાંચમ સુધી કરવામાં આવે છે. મોટાભાગના વિભાગોમાં આ ગાળા દરમિયાન રજા પણ જાહેર કરી દેવામાં આવે છે જેથી પરિવાર સાથે આ પર્વની ઉજવણી કરવાની પરંપરા રહી છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે સ્થિતિ ખુબ જ સુધરી છે. લોકોની ખરીદી શક્તિ વધી છે. આર્થિક સ્થિતિ દેશની સારી બની છે જેના પરિણામ સ્વરુપે તીવ્ર મોંઘવારી છતાં



ફટાકડાઓ, મિઠાઇઓ અને અન્ય ચીજવસ્તુઓની ખરીદીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. દિવાળી પર્વ મુખ્યરીતે બાળકો અને યુવા પેઢી વધુ શાનદારરીતે ઉજવે છે. કોર્પોરેટ જગતમાં દિવાળી પર્વ પ્રસંગે એક બીજાને મિઠાઇઓ આપવા અને ગ્રિટિંગ્સ કાર્ડ અને શુભેચ્છા સંદેશાઓ મોકલવાની પરંપરા રહી છે. યુવા પેઢી કિંમતી ભેટ સોગાદો આપીને પણ આ તહેવારની ઉજવણી કરે છે. બાળકો ફટાકડા ફોડવામાં વ્યસ્ત રહે છે. જુદી જુદી સંસ્થાઓ ધ્વનિ પ્રદૂષણ અને અન્ય રીતે નુકસાન ન થાય તે માટે સક્રિય રહે છે પરંતુ બાળકો આની તરફ ધ્યાન આપ્યા વગર શાનદાર ઉજવણીમાં વ્યસ્ત જોવા મળે છે. દિવાળી પર્વ દરમિયાન ખરીદી માહોલ વધારે રહે છે.


આ ગાળા દરમિયાન સોના ચાંદી, વાહનોના બજારમાં અનેક ગણો વધારો થાય છે. આ ઉપરાંત ફટાકડા બજારમાં પણ તેજી રહે છે. આ તમામ બજારોનું કદ સતત વધી રહ્યું છે. આવનાર સમયમાં આ તમામ કારોબાર વધુ તીવ્ર બને તેવા સંકેત છે.

## કૈલાશ માનસરોવર માટેનો નવો રૂટ ૨૦૧૫માં તૈયાર

નવી દિલ્હી,તા. ૨૨
વર્ષ ૨૦૧૫ સુધીમાં કૈલાશ માનસરોવર માટે નવો રસ્તો તૈયાર કરી લેવામા આવશે. ચીન સરકાર દ્વારા ભારતને આ મુજબની ખાતરી આપવામાં આવ્યા બાદ આવનાર સમયમાં કૈલાશ માનસરોવરના યાત્રીઓને મોટી રાહત મળે તેવી શક્યતા છે. ચીન સરકારે ખાતરી આપતા કહ્યું છે કે આના માટે તમામ જરૂરી પગલા લેવામાં આવી રહ્યા છે. ટુંક સમયમાં આ પ્રવૃતિ વધારે ઝડપી બનાવી દેવામાં આવશે. આવનાર દિવસોમાં નવા રૂટને લઈને ભારતને મોટો ફાયદો થશે. ભારતમાંથી દર વર્ષે હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ કૈલાશ માનસરોવરની યાત્રાપર જાય છે. જટિલ રસ્તો હોવા છતાં લોકો જઈને આવે છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ થોડાક દિવસ પહેલા જ ચીનના પ્રમુખ શી જિનપિંગ ભારતની ઐતિહાસિક યાત્રાએ આવ્યા ત્યારે તેમની સમક્ષ કૈલાશ માનસરોવર માટે નવો રસ્તો ખોલવાની વાત કરી હતી અને એ જ વખતે ચીની પ્રમુખે આની ખાતરી આપી હતી. હવે મોદીની અસર હેઠળ કૈલાશ માનસરોવર માટે નવો રસ્તો તૈયાર કરવામાં આવી રહ્યો છે. જે વર્ષ ૨૦૧૫ સુધી તૈયાર કરી લેવામાં આવે તેવી શક્યતા છે.ચીન સરકાર તરફથી હવે ફરી એકવાર ખાતરી આપવામાં આવી છે કે કૈલાસ માનસરોવર માટે નવો રસ્તો ખોલવામાં આવનાર છે. તિબેટ ઓટોનોમસ રીજનના ઉપ પ્રમુખ જિયાંગ જી દ્વારા માહિતી આપવામાં આવી છે કે કામગીરી શરૂ કરવામાં આવી ચુકી છે. ભારતીય રાજદુત અશોક કે કાથોને આ મુજબની ખાતરી આપી દેવામાં આવી છે. કાથા હાલમાં તિબેટના પ્રવાસે છે. યાત્રીઓ માટે જરૂરી તૈયારી કરી શકાય તે માટે કાથા તિબેટમાં છે. સિક્કિમ મારફતે કારોબાર શરૂ કરવાની વાત ચાલી રહી છે. નવો રસ્તો સિક્કિમ મારફતે શરૂ કરવામાં આવનાર છે. આ રસ્તો એવો રહેશે જેમાં વરસાદ વેળા પણ કોઈ તકલીફ પડશો નહી. મોટી વયના લોકોને સીધો ફાયદો થશે .

## નરેન્દ્ર મોદી દિવાળીની ઉજવણી જમ્મુ કાશ્મીરમાં કરશે

નવીદિલ્હી,તા. ૨૨
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિવાળી નહીં ઉજવવાનો નિર્ણય કર્યો છે. આના બદલે જમ્મુ કાશ્મીરમાં હાલમાં આવેલા વિનાશકારી પુરનો શિકાર થયેલા લોકોની મદદ માટે શ્રીનગરમાં આ દિવસ પસાર કરશે. બીજી બાજુ કોંગ્રેસે જમ્મુ કાશ્મીરની મુલાકાતને લઈને પ્રશ્નો ઉઠાવ્યા છે. નરેન્દ્ર મોદીએ સોશિયલ નેટવર્કિંગ સાઈટમાં જણાવ્યું છે કે, ૨૩મી ઓક્ટોબરના દિવસે તેઓ દિવાળી પર શ્રીનગરમાં રહેશે અને પુરથી અસરગ્રસ્ત થયેલા બહેનો અને ભાઈઓ સાથે સમય ગાળશે. વડાપ્રધાન શ્રીનગરની એક દિવસની યાત્રા દરમિયાન ખાસ પેકેજની જાહેરાત કરે તેવી શક્યતા છે. મોદીએ પહેલાથી જ રાજ્યમાં પુર રાહત માટે ૧૦૦૦ કરોડના પેકેજની જાહેરાત કરી દીધી છે. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા દ્વારા પુનઃવસવાટ માટે ફંડ આપવા ૪૪૦૦૦ કરોડના નાણાંકીય પેકેજની માંગ કરી છે.




જમ્મુ કાશ્મીરની મુલાકાત દરમિયાન મોદી શ્રીનગરમાં રાજભવન ખાતે સમાજના જુદા જુદા વર્ગોના પ્રતિનિધિઓને પણ મળશે. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું છે કે, નરેન્દ્ર મોદી દિવાળી પુરગ્રસ્ત લોકો સાથે મનાવે તે ખુબ સારી બાબત છે. જો કે, પીડીપી તરફથી સારો પ્રતિસાદ આપવામાં આવ્યો નથી. પુર બાદ ઈદની ઉજવણી મોદીએ અહીં કરી ન હતી. જે આશ્ચર્ય જગાવે છે. દિવાળીની ઉજવણી જ કેમ ઈદ કે નહીં તેવો પ્રશ્ન પણ ઉઠાવવામાં આવ્યો છે. કોંગ્રેસના સાંસદ શશી થરુરે પ્રતિક્રિયા કરતા કહ્યું છે કે, આ સમય પ્રશ્નો ઉઠાવે તેવો છે. મોદી ખાસ પેકેજની જાહેરાત કરવાની તૈયારીમાં છે. યાત્રા પહેલા જ આંતર પ્રધાન મંડળની ટીમ જેમાં જુદા જુદા વર્ગોના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. શશી થરુરનું કહેવું છે કે, ખુબ જ યોગ્યરીતે ગણતરી કરીને આ યાત્રાનો સમય નક્કી કરવામાં આવ્યો છે. યાત્રા પહેલા જ આંતરપ્રધાન સ્તરની ટીમ દ્વારા હાલમાં રાજ્યમાં આવેલા પુરના કારણે થયેલા નુકસાનની ગણતરી કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જમ્મુ કાશ્મીરમાં વિનાશકારી પુરમાં ૨૮૫ લોકોના મોત થયા હતા અને ૩.૫ લાખ મકાનોને અસર થઈ હતી જે પૈકી ૯૫૦૦૦ મકાન નાશ પામ્યા હતા. પુરના કારણે શ્રીનગર શહેરમાં આઠ સહિત ૨૫ વિધાનસભા બેઠકોને અસર થઈ હતી.

## અંતે સુખોઈ-૩૦ કાફલાના વિમાનોના ઉડાણ ઉપર બ્રેક

નવી દિલ્હી,તા. ૨૨
એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં ભારતે સુરક્ષા પાસાઓને ધ્યાનમાં લઈને તેના સુખોઈ-૩૦ કાફલાના વિમાનોની ઉડાણને આખરે રોકવી દેવામાં આવી છે. સુખોઈ-૩૦ વિમાનોની ઉડાણને રોકી દેવામાં આવ્યા બાદ હવે દરેક વિમાનમાં ઉંડી ચકાસણી કરવામાં આવનાર છે. પુણે નજીક તાજેતરમાં જ દુર્ઘટના થયા બાદ આ નિર્ણય કરવામાં આવ્યો છે. આ વિમાનમાં રહેલી ટેકનિકલ ખામીને હવે દુર કરવામા આવનાર છે. ટેકનિકલ સમીક્ષા દ્વારા તમામ ખામીને દર કરી લેવામાં આવ્યા બાદ જ સુખોઈ-૩૦ કાફલાના વિમાનોને ઉંડાણ ભરવાની મંજૂરી આપવામાં આવશે. આશરે ૨૦૦ ટ્વિન એન્જિનના સુખોઈ-૩૦ વિમાનની સેવા લેવામાં આવનાર નથી. આઈએએફના પ્રવકતા વિંગ કમાન્ડર સિમરનપાલ સિંહ બર્ડી દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે કાફલાની સેવાને રોકી દેવામાં આવ્યા બાદ ઉંડી ચકાસણી કરવામાં આવનાર છે. પુણે નજીક હાલમાં મોટી દુર્ઘટના થઈ હતી. કઈ ચોક્કસ ખામીમા તપાસ કરવામાં આવનાર છે તેની માહિતી આપવામાં આવી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે પુણેમાં એક ખેતરમાં સુખોઈ-૩૦ એમકેઆઈ વિમાન ગયા સપ્તાહમાં તુટી પડ્યું હતુ. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતુ કે ફલાયબાય વાયર સિસ્ટમમાં ટેકનિકલ ખામી સર્જાઈ ગઈ હતી. આમાં કોઈ માનવી ખામી ન હતી. આ બનાવ બાદ સરકાર અને આઈએએફ દ્વારા બેઠક યોજવામાં આવી હતી. અખબારી યાદીમાં પાયલોટના નામ વિંગ કમાન્ડર એસ મુન્જે અને ફલાઈંગ ઓફિસર અનુપ સિંહ આપવામાં આવ્યા હતા. એસયુ ૩૦ એમકેઆઈ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ તેમાં તપાસ ચાલી રહી છે. આ મામલે અદાલતી તપાસનો આદેશ પણ આપી દેવામાં આવ્યો છે. વાસ્તવિક કારણ મોડેથી જાણી શકાય તેવી શક્યતા છે.

## મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડનવિસને મુખ્યમંત્રી બનાવવા માટે તૈયારી

મુંબઈ,તા. ૨૨
ભાજપના દેવેન્દ્ર ફડનવિસ મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી તરીકે સોમવારના દિવસે શપથ લે તેવી શક્યતા દેખાઈ રહી છે. દિવાળી બાદ તરત જ સરકાર રચવાની કવાયત મહારાષ્ટ્રમાં હાથ ધરવામાં આવશે. શિવસેના ભાજપની સાથે આવે કે ન આવે તેની તરફ ધ્યાન આપ્યા વગર ભાજપ સરકાર બનાવવાની દિશામાં આગળ વધશે. ટેકા માટે શિવસેનાની રાહ જોયા વગર મહારાષ્ટ્રમાં સરકાર રચવાની દિશામાં ભાજપ નેતાગીરીએ આગળ વધવાનો નિર્ણય કર્યો છે. શિવસેના તરફથી કેટલીક શરતો લાદવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આ શરતોના આધાર પર જ ઉદ્ધવ ઠાકરે ભાજપના નેતૃત્વમાં સરકારને ટેકો આપશે. ભાજપ ૧૪૫ના જાદુઈ આંકડા સુધી પહોંચવામાં સહેજમાં નિષ્ફળ રહ્યું હતું. ભાજપને ૧૨૩ બેઠકો મળી હતી. ભાજપ હવે કોના ટેકા સાથે સરકાર બનાવે છે તે મહત્વપૂર્ણ બાબત છે. ૪૧ સભ્યોના એનસીપીએ પણ બિનશરતી ટેકો



આપવાની જાહેરાત કરી છે. તે વિશ્વાસમતનો વિરોધ કરે તેવી શક્યતા પણ ઓછી દેખાઈ રહી છે. ભાજપ દ્વારા અપક્ષો અને નાના પક્ષોનો સંપર્ક પણ કરવામાં આવી રહ્યો છે. લોકસભામાં નિયમ મુજબ કેટલીક જોગવાઈ પણ રહેલી છે. હાલમાં જે આંકડા નથી તે આંકડા સરળતાથી મેળવી લેવાશે તેવી ગણતરી ભાજપે કરી લીધી છે. એનડીએ દ્વારા નિમવામાં આવેલા શ્રીવિદ્યાસાગર રાવ પણ ભાજપને મદદ રુપ થઈ શકે છે. ભાજપ શિવસેનાને નાયબ મુખ્યમંત્રીપદ આપવાની સ્થિતિમાં નથી. કેટલાક મોટા ખાતાઓની માંગણી શિવસેના દ્વારા કરવામાં આવી હોવાના અહેવાલ મળી રહ્યા છે. ભાજપ સુત્રોએ કહ્યું છે કે, પાર્ટી આઠ મહિત્વ પૂર્ણ ખાતા ગૃહ, નાણા, રેવેન્યુ, શહેરી વિકાસ, કૃષિ, સિંચાઈ, જાહેર આરોગ્ય જાળવી રાખે તેવી શક્યતા છે. બંને પક્ષો વચ્ચે સત્તા વહેંચણી સમજૂતિ થાય તેવી શક્યતા પણ કેટલાક લોકો વ્યક્ત કરી રહ્યા છે. ભાજપ અને શિવસેના બંને મતભેદો ભુલી જઈને આગળ આવે તેવી શક્યતા છે. શિવસેના સાથે ક્યારે પણ સંબંધો તોડ્યા નથી તેવી વાત ભાજપે હમેશા કરી છે. દરમિયાન એવું પણ જાણવા મળ્યું છે કે, કેન્દ્રમાં રહેલી મોદી સરકારના ઘણા લોકો સતત સક્રિય થયેલા છે. મહારાષ્ટ્રમાં દિવાળી બાદ સરકાર રચવાની કવાયત હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે.

## મધ્યપ્રદેશમાં ભૂકંપના હળવા આંચકાથી ભારે દહેશત

ભોપાલ,તા. ૨૨
મધ્યપ્રદેશના જબલપુર અને આસપાસના વિસ્તારોમાં આજે સવારે હળવો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો જેના કારણે લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. મળેલી માહિતી મુજબ આજે સવારે ૧૦.૪૮ વાગે આશરે છ સેકન્ડ સુધી ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જાનમાલના નુકસાનના કોઇ સમાચાર મળી શક્યા નથી. કેટલાક લોકો દહેશતના કારણે તેમના ઘરની બહાર દોડી આવ્યા હતા. રિક્ટર સ્કેલ ઉપર આ આંચકાની તીવ્રતા ૨.૮ આંકવામાં આવી હતી. આ વર્ષે મધ્યપ્રદેશના પશ્ચિમી પ્રદેશમાં બીજી વખત ભૂકંપનો આંચકો અનુભવવામાં આવ્યો છે. ૨૧મી મેના દિવસે પણ જબલપુર અને મંડલા જિલ્લામાં આંચકાઓ અનુભવાયા હતા. આવી જ રીતે ૧૬મી ઓક્ટોબર ૨૦૦૦ના દિવસે પૂર્વીય મધ્યપ્રદેશના આસપાસના વિસ્તારો અને જબલપુરમાં હળવા આંચકા અનુભવાયા હતા.

નજીવા નુકસાન પણ તે વખતે થયા હતા. આજે જે વિસ્તારોમાં લોકોએ આંચકો અનુભવ કર્યો હતો તેમાં જબલપુર, મંડલા, બાલાઘાટ, છિંદવાડા, નરસિંહપુરનો સમાવેશ થાય છે. આ આંચકાના લીધે કોઇ નુકસાન થયું નથી. ૨૨મી મે ૧૯૯૭ના દિવસે જબલપુરમાં પ્રચંડ આંચકો અનુભવાયો હતો. આ પ્રદેશમાં આવેલા હજુ સુધીના સૌથી શક્તિશાળી ભૂકંપ પૈકીના આ ભૂકંપમાં ૩૮ લોકોના મોત થયા હતા અને હજારો લોકો ઘાયલ થયા હતા. સંપત્તિને પણ ભારે નુકસાન થયું હતું.

## સેબીના હુકમ સામે સેટ વતી ડીએલએફને રાહત

નવીદિલ્હી, તા.૨૨
રિયલ એસ્ટેટની મહાકાય કંપની ડીએલએફને આજે વચગાળાની રાહત મળી ગઈ હતી. મૂડીમાર્કેટમાંથી તેના ઉપર પ્રતિબંધ મુકવાના સેબીના આદેશ સામે સેટ તરફથી તેને વચગાળાની રાહત મળી હતી. ડીએલએફે કહ્યું છે કે, વાયા ડિબેન્ચર મારફતે ફંડમાં વધુ ધ્યાન આપવાની જરૂર છે. ૩૦મી ઓક્ટોબર સુધી સેબીના આદેશ સામે ડીએલએફની અરજી ઉપર સુનાવણી મોકૂફ કરી દેવામાં આવી છે. તાજેતરમાં જ સેબીએ કડક આદેશ જારી કરીને ડીએલએફ અને તેના છ કારોબારીઓને બજારમાં કામગીરી કરવાથી રોકી દીધા હતા. આઈપીઓના વખતે ખોટી માહિતીના મુદ્દે આ આદેશ આપવામાં આવ્યો હતો. ડીએલએફના આઈપીઓના કારણે ૨૦૦૭માં ૯૧૮૭ કરોડ રૂપિયા ઉભા કરાયા હતા તે વખતે દેશમાં સૌથી મોટા આઈપીઓ તરીકે તેને ગણવામાં આવતા હતા.

## ટેન્ટ પ્રકરણમાં કેટલાક અધિકારીઓ સામે કેસ

નવીદિલ્હી, તા.૨૨
૨૨ કરોડ રૂપિયાની કિંમતના ટેન્ટની ખરીદીમાં ગેરરીતિના મામલામાં રોના અધિકારી, કેબિનેટ સચિવાલયના કેટલાક અધિકારીઓ સામે સીબીઆઈ દ્વારા કેસ દાખલ કરવામાં આવ્યો છે. સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, સાઈબાબા બિલ્ડર્સના ત્રણ ડિરેક્ટર સામે પણ કેસ નોંધવામાં આવ્યો છે. રો હેઠળ કામ કરતી એક સંસ્થાના અધિકારીઓ પણ સકંજામાં આવ્યા છે. સીબીઆઈ દ્વારા આજે દિલ્હી અને કોલકાતામાં કેટલીક જગ્યાઓએ દરોડા પાડ્યા હતા. સાઈબાબ બિલ્ડર્સના ડિરેક્ટરો શ્યામ સુંદર ભટ્ટર, મંજરી અને જેપીએન સિંહના આવાસ અને ઓફિસ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. આ મામલામાં તપાસ કરવા ઈચ્છુક પીએમ ઓફિસ તરફથી જરૂરી સૂચના મળ્યા બાદ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રિસર્ચ એન્ડ એનાલીસીસ પાંખના એસસીયુ સામે કાર્યવાહી કરવામાં આવી છે. વધુ અહેવાલ પીએમઓને મોકલી દેવામાં આવ્યો છે. સ્પેશિયલ ફ્રન્ટીયર ફોર્સ રો હેઠળ કામ કરે છે અને તેની રચના ૧૯૬૨ના ચીન યુદ્ધ વખતે કરવામાં આવી હતી.

## સમાચાર ઝલક

- ગુજરાતમાં નવા વર્ષે ઝીરો ડ્રોપ આઉટ કરવાનો શિક્ષણમંત્રીશ્રી ભૂપેનદ્રસિંહ ચુડાસમાનો સંકલ્પ.
- જન્મ-મરણના દાખલામાં સુધારો કરવાની સત્તા તલાટી પાસે છે-હાઈકોર્ટ
- બ્રિટનમાં ગોન્ટઝાલો ચક્રવાતને કારણે ત્રણનાં મૃત્યુ. ૭૦ માઈલની ઝડપે પવન ફુંકાયો.
- કેવાયસી ન હોય તેવા ખાતાં તબક્કાવાર બંધ કરવામાં આવશે.
- દિવાળીમાં પર પ્રાંતીય કામદારો વતનની વાટ પકડતાં કાપડ ઉદ્યોગ તથા અન્ય ધંધાઓમાં ચિંતા.
- મહિલા ક્રિકેટને ભારતીય ક્રિકેટ બોર્ડ અવગણના કરે છે - નૂતન ગાવસ્કર.
- કારતક માસમાં લગ્નનું એક પણ મૂહૂર્ત નથી. ૧૪ વર્ષ પછી યોગ સર્જાયો.
- એમ્બ્યુલન્સ કૌભાડમાં રાજસ્થાનના મોટા કોંગ્રેસી નેતાઓની સંડોવણીની સીબીઆઈ તપાસ કરશે.
- ગુલાબ સહિત તમામ ફુલોમાં તેજી.
- ભારત-ચીનના લશ્કરી વડામથકો વચ્ચે હોટલાઈન સ્થપાશે.
- મોરબીમાં બાવાઓ મહિલા પર કેફી દ્રવ્ય છાંટી બાળકીને ઉઠાવી ગયા.
- સ્મૃતિ ઈરાનીએ અમેઠીની મહિલાઓને ૧૫૦૦૦થી વધુ સાડીઓ ભેટ આપી.
- ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીશ્રી અખિલેશ યાદવની પ્રેસ કોન્ફરન્સમાં વીજળી ગાયબ.
- દિવાળીમાં સ્માર્ટ ફોન અને આઈપેડની હાઈટેક ગિફ્ટનો ટ્રેન્ડ.
- તા. ૩૧મી ઓક્ટોબરે સરદાર જયંતિ નિમિત્તે દેશભરમાં રન ફોર યુનિટી યોજાશે.
- કરાંચીમાં અનેક સેવા કાર્યો કરનાર મસીહા અબ્દુસતારને બંધક બનાવી અબજોની લુંટ કરાઈ.

## તહેવારની સિઝનમાં જોબનો વરસાદ થશે : હેવાલમાં દાવો

નવી દિલ્હી ,તા. ૨૨
દેશમાં ઓક્ટોબર અને ડિસેમ્બરના ત્રિમાસિક ગાળા દરમિયાન હવે નોકરીનો વરસાદ થયા તેવી શક્યતા છે. ઇ-કોમર્સ, હોટેલ અને રીટેલ જેવા સેક્ટરોમાં જોરદાર તેજી જોવા મળી રહી છે. આ તેજીના કારણે નોકરીમાં વધારે તક સર્જાય તેવી શક્યતા છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે ઓક્ટોબર-ડિસેમ્બરના ત્રિમાસિક ગાળા દરમિયાન નોકરીનો વરસાદ થશે. કારણ કે આ ગાળા દરમિયાન ૪.૫ લાખ નોકરીની તક સર્જાશે. ભરતી પ્રવર્તીમાં તેજી આવવાના સંકેત દેખાઇ રહ્યા છે. કારણ કે બિઝનેસ ચિત્ર વધારે ગુલાબી બની રહ્યું છે. સાથે સાથે તહેવારની તેજી પણ છે. બિઝનેસને વધારવા માટે વધારાના સ્ટાફને રાખવાની કવાયત હાલ ચાલી રહી છે. તહેવારની સિઝન દરમિયાન ભરતીની પ્રક્રિયામાં ૫-૧૫ ટકા સુધીનો વધારો થઇ શકે છે. ઇ-કોમર્સ, હોટેલ અને રીટેલ ઇન્ડસ્ટ્રીઝમાં તેજી આવી રહી છે જેથી ઓક્ટોબર-ડિસેમ્બર ત્રિમાસિક ગાળા દરમિયાન પાંચ લાખ નવી નોકરીની તક સર્જાઇ શકે છે. ઇન્ડિયન સ્ટાફિંગ ફેડરેશનના કારોબારી ડિરેક્ટર સુચિતા દત્તે કહ્યું છે કે તેજી દેખાઇ રહી છે. કેટલીક સંસ્થાઓ દ્વારા પણ આવી જ પ્રતિક્રિયા આપવામાં આવી છે. ઐતિહાસિકરીતે પણ તહેવારની સિઝનમાં સામાન્યરીતે નોકરીમાં વધારો થઇ જાય છે.

મેટ્રો અને કોસ્મો શહેરોમાં પણ એકમાત્ર રિટેલ સેક્ટરમાં ૨૫૦૦૦ નોકરીની તક સર્જાઇ શકે છે. ભારતમાં હમેંશા તહેવાર રહે છે. હવે દશેરા, દિવાળી અને ત્યારબાદ ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણી કરવામાં આવે છે. આ તમામ મહિનાઓ દરમિયાન ગ્રાહકો દ્વારા ખરીદી વધી જાય છે. લોકો દ્વારા તહેવારમાં વધારે ખરીદી કરે છે. મંદીના માહોલમાં પણ તહેવાર આવતા ખરીદી સ્વાભાવિકરીતે વધી જાય છે. કસ્ટમર સર્વિસ દ્વારા નિષ્ણાંતોની મદદ પણ આ ગાળા દરમિયાન લેવામાં આવે છે.

## બ્લેકમની : બ્લેકમેઈલિંગ ન કરવા કોંગીની સાફ ચેતવણી

નવીદિલ્હી,તા. ૨૨
કોંગ્રેસે આજે નાણામંત્રી અરુણ જેટલીના સૂચનને ફગાવી દઇને બ્લેકમેઇલિંગ ન કરવા ચેતવણી આપી હતી. કોંગ્રેસે કહ્યું હતું કે, અરુણ જેટલી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી ખુબ જ વાંધાજનક છે. અરુણ જેટલીએ હાલમાં જ કહ્યું હતું કે, જો વિદેશી બેંક ખાતાઓમાં ગેરકાયદે નાણા ધરાવનારના નામ જાહેર કરવામાં આવશે તો વિરોધ પક્ષને તકલીફ થશે. કોંગ્રેસે ગેરકાયદે વિદેશી ખાતા ધારકોના નામ જાહેર કરવા મોદી સરકારને પડકાર ફેંક્યો હતો. કોંગ્રેસે કહ્યું છે કે, કેન્દ્ર સરકાર આ મુદ્દે લોકોને ગેરમાર્ગે દોરી રહી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અજય માંકને કહ્યું છે કે, સરકારે કોંગ્રેસને બ્લેકમેઇલિંગ કરવાના પ્રયાસો કરવા જોઇએ નહીં. સરકારે કાળા નાણામાં કરવામાં આવેલી તપાસના સંદર્ભમાં તમામ વિગતો જારી કરવી જોઇએ. પસંદગીની બાબતોને ટાળવી જોઇએ. તેમણે કહ્યું હતું કે, ભાજપ અથવા કોંગ્રેસના સભ્યો અંગે પક્ષપાત રાખવો જોઇએ નહીં.

બીજી બાજુ યુવા કોંગ્રેસના પ્રમુખ રાજીવ સતવાએ પણ કહ્યું છે કે, જેટલી દ્વારા ગેરમાર્ગે દોરવાના પ્રયાસ થઇ રહ્યા છે. એઆઈસીસીના જનરલ સેક્રેટરી દિગ્વિજયસિંહનું કહેવું છે કે, લોકોને ગેરમાર્ગે દોરવા અને મુરખ બનાવવાના બદલે જેટલીએ દરેક બાબત રજૂ કરવી જોઇએ. તેમના પ્રચાર ભાષણમાં નરેન્દ્ર મોદીએ આપેલા વચન મુજબ સરકારે આગળ વધવું જોઇએ. તેમણે કહ્યું હતું કે, લોકો સમક્ષ તમામ બાબતો પહોંચે તે જરૂરી છે. દિગ્વિજયનું કહેવું છે કે, જનધન યોજના હેઠળ દિવાળી ગિફ્ટની વાત થઇ રહી છે. કાળા નાણાના મુદ્દે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ફરી એકવાર આક્ષેપ પ્રતિઆક્ષેપોનો દોર શરૂ થયો છે. સરકારે હાલમાં જ સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, તે સ્વિસ બેંક ખાતા ધારકોના નામ જાહેર કરી શકે તેમ નથી. કારણ કે, આવું વલણ અગાઉ યુપીએ સરકાર અપનાવી ચુકી છે જેથી હવે તકલીફ પડી રહી છે.

## ઇ-વિઝા સ્કીમ ઓક્ટોબરના અંતમાં જ શરૂ થાય તેવી વકી

નવી દિલ્હી,તા. ૨૨
નરેન્દ્ર મોદી સરકાર વધુ એક મહત્વકાંક્ષી સ્કીમ શરૂ કરવાની તૈયારીમાં છે. જેના ભાગરૂપે સરકાર આ મહિનાના અંત સુધી ઈ-વીઝા અથવા તો ઈલેક્ટ્રોનિક વીઝા સ્કીમ શરૂ કરવા જઈ રહી છે. પ્રવાસીઓને મોટી રાહત આપવાની મુખ્ય યોજના છે. અમેરિકા, જાપાન અને દક્ષિણ કોરિયા સહિત આશરે ૩૦ દેશોના પ્રવાસીઓને આ સ્કીમ સાથે સૌથી પહેલા જોડી દેવામાં આવનાર છે. જ્યારે જર્મની, ઈઝરાયેલ અને રશિયા આ સ્કીમ હેઠળ લાવવા માટે વિચારણા હેઠળ છે. આ દેશોના નાગરિકોને પણ ટુંક સમયમાં ઈ-વીઝા હેઠળ આવરી લેવામાં આવે તેવી શક્યતા છે. નજીકના સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે કેટલાક દેશોને પહેલાથી જ વીઝા ઓન એરાઈવલની સુવિધા આપવામાં આવી ચુકી છે. જમાં ન્યુઝીલેન્ડ, લક્ષેમ્બર્ગ, ફિનલેન્ડ અને સિંગાપોરનો સમાવેશ થાય છે.